# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

## સિન્ડિકેટની ખાસ સભાની કાર્યવાહી નોંધ

## તા.૨૦/૧૨/૨૦૧૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

Re-Accredited Grade "A" by NAAC

**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 / FAX : (0281) 2586983

Re-Accredited Grade "A" by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની ડિસેમ્બર માસની સામાન્ય સભા તા.૨૦/૧૨/૨૦૧૯ને શુક્રવારનાં રોજ સવારના ૧૧:૦૦ કલાકે, સિન્ડિકેટ મીટીંગરૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડૉ. નીતીનભાઈ પેથાણી - કુલપતિશ્રી | હાજર |
| ૨. | ડૉ. વિજયભાઈ એન. દેસાણી-ઉપકુલપતિશ્રી | હાજર |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા | હાજર |
| ૭. | પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૮. | ડૉ. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડૉ. પ્રફુલ્લાબેન જે. રાવલ | ગેરહાજર |
| ૧૦. | ડૉ. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૧. | ડૉ. પ્રતાપસિંહ એલ. ચૌહાણ | ગેરહાજર |
| ૧૨. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૩. | ડૉ. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૪. | ડૉ. નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૫. | ડૉ. અનિરૂદ્ધસિંહ પઢીયાર | હાજર |
| ૧૬. | ડૉ. વિમલભાઈ પરમાર | હાજર |
| ૧૭. | ડૉ. ભરતભાઈ રામાનુજ | હાજર |
| ૧૮. | શ્રી ભરતભાઈ ઝવેરભાઈ વેકરીયા | હાજર |
| ૧૯. | ડૉ. પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |

૧ સિન્ડિકેટ સિન્ડિકેટની તા.૨૨/૧૦/૨૦૧૯ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૨/૧૦/૨૦૧૯ની મીનીટ્સ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

૨ સિન્ડિકેટ સિન્ડિકેટની તા.૨૨/૧૦/૨૦૧૯ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૨/૧૦/૨૦૧૯ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ આગામી સિન્ડિકેટમાં રજૂ કરવાની હોવાથી દરેક વિભાગ/ભવન/સેન્ટર દ્વારા આ બાબતે કાળજી રાખવામાં આવે તે માટે તાકીદ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ દ્વારા જે સમિતિની રચના કરવામાં આવે તે સમિતિની બેઠક સમયમર્યાદામાં / સત્વરે બોલાવવી તેમજ જે સમિતિની બેઠક બોલાવવાની બાકી છે તેવી સમિતિઓની યાદી આગામી સિન્ડિકેટ સભામાં રજૂ કરવી.**

**ઠરાવ ક્રમાંક : ૧૮**

**થયેલ ઠરાવમાં નીચે મુજબની બાબતનો ઉમેરો કરવો.**

**"આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના થીસીસ પ્રાદેશિક ભાષામાં હોય તો પ્લેગેરીઝમ સર્ટીફીકેટ ગુજરાત રાજ્યની અન્ય સરકારી યુનિવર્સિટીઓમાં કઈ રીતે ઈસ્યુ કરવામાં આવે છે, તેની વિગતો મંગાવવી.**

**(નોંધ: કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)**

3 જોડાણ આચાર્યશ્રી, અમરેલી કેળવણી મંડલ સંચાલિત-નૂતન કોમર્સ કોલેજ-અમરેલી તરફથી જુન ૨૦૧૯ થી સંલગ્નમાં નવા અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેનાં નીડ-સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સિન્ડિકેટ તા.૧૪/૦૮/૨૦૧૯ ની સભાનાં ઠરાવ ૨૯ થી વિચારણામાં હતી જે સિન્ડિકેટે મુલત્વી રાખેલ હતી જે પરત્વે એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ ફેર વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત:-(નવું જોડાણ)

ડી.એમ.એલ.ટીના અભ્યાસક્રમ

નોંધ::- ૧. સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓની તા.૨૦/૦૭/૨૦૧૯નો અહેવાલ તા.૩૦/૦૭/૨૦૧૯ના રોજ અત્રે મળેલ છે. અહેવાલમાં સભ્યશ્રીઓ દ્વારા જણાવેલ છે કે સંસ્થા માત્ર વાણિજ્ય વિદ્યાશાખાની કોલેજ ચાલવે છે. નવી ફેકલ્ટી અને નવો અભ્યાસક્રમ થાય તેમ જણાવી ભલામણ કરેલ છે તેમજ સીડી આ સાથે સામેલ રાખેલ છે.

૨. કોલેજમાં આચાર્યની નિમણુંક થયેલ નથી અને સંસ્થાએ સંલગ્નમાં નવા અભ્યાસક્રમની મંજુરી મળ્યેથી શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવામાં આવશે તેમ બાહેધરી આપેલ છે.

૩. જગ્યા ટ્રસ્ટના નામે આવેલ છે.

૪. વિદ્યાર્થી દીઠ બાંધકામ અહેવાલમાં દર્શાવેલ નથી.

૫. કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે/ સી.સી.ટીવી કેમેરા રેકોર્ડીંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

૬. સિન્ડિકેટ તા.૧૪/૦૮/૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૯

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત હાલ મુલત્વી રાખવી."

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત મુલત્વી રાખવી તેમજ આગામી નીડ કમિટીમાં રજૂ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નીડ કમિટિની બેઠક તાત્કાલિક બોલાવવી.**

**(નોંધ:- ઉપર્યુક્ત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે.)**

૪ જોડાણ — આચાર્યશ્રી, એમટીએસ.ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ આટકોટ સંચાલિત- શ્રી શિવલાલભાઈ એન.વેકરીયા ઇન્સ્ટીટયુટ ઓફ પેરામેડીકલ ટેકનોલોજી ફોર વુમન-આટકોટ તરફથી જુન ૨૦૧૯ થી નવી કોલેજના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરત્વેનાં સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર સિન્ડિકેટ તા.૧૪/૦૮/૨૦૧૯ ની સભાનાં ઠરાવ ૩૮ થી વિચારણામાં હતી જે સિન્ડિકેટે મુલત્વી રાખેલ હતી જે પરત્વે એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ ફેર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત : (નવું જોડાણ)**

**વિજ્ઞાન વિદ્યાશાખા:-**

ડી.એમ.એલ.ટીના અભ્યાસક્રમ

નોંધ : ૧. સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તારીખ વગરનો અહેવાલ તા.૦૯/૦૮/૨૦૧નાં રોજ અત્રે મળેલ છે. જોડાણ આપવા ભલામણ કરેલ છે. પેન ડ્રાઈવ અહેવાલ સાથે સામેલ છે.

૨. શૈક્ષણિક સ્ટાફ અંગે બાહેધરી આપેલ છે.જે અહેવાલમાં સામેલ રાખેલ છે .

૩. સંસ્થા પાસે ૫ એકર જમીન ટ્રસ્ટના નામ પર છે.

૪. નવી કોલેજ માટે માળખાકીય સુવિધાઓ ધરાવે છે.

૫. કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

૬. સિન્ડિકેટ તા.૧૪/૦૮/૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૮

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત હાલ મુલત્વી રાખવી."

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત હાલ મુલત્વી રાખવી તેમજ આગામી નીડ કમિટીમાં રજૂ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નીડ કમિટિની બેઠક તાત્કાલિક બોલાવવી.**

**(નોંધ:- ઉપર્યુક્ત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો નીડ-સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "03" તરીકે આ સાથે સામેલ છે.)**

૫ જોડાણ આચાર્યશ્રી, ભાગ્યોદય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત- અર્પિત કોલેજ ઓફ એજ્યુકેશન- હડાળા તરફથી જુન ૨૦૧૯ થી નીચેની વિગતે સંલગ્નમાં નવા અભ્યાસક્રમ જોડાણ માટે આવેલ અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર સિન્ડિકેટ તા.૧૪/૦૮/૨૦૧૯ ની સભાનાં ઠરાવ ૪૫ થી વિચારણામાં હતી જે સિન્ડિકેટે મુલત્વી રાખેલ હતી જે પરત્વે એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ ફેર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત :**

**વિજ્ઞાન વિદ્યાશાખા:- ( નવું જોડાણ)**

ડી.એમ.એલ.ટીના અભ્યાસક્રમ

નોંધ : ૧. સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૧૫/૦૭/૨૦૧૯નો અહેવાલ તા.૦૯/૦૮/૨૦૧૯ના રોજ અત્રે મળેલ છે. સંસ્થાએ લેબના સાધનો તથા પુસ્તકો પુરતા પ્રમાણમાં ૩ મહિનામાં વસાવી લેવાના રહેશે તેમ સુચામ્ન કરી નવું જોડાણ આપવા ભલામણ કરેલ છે. સીડી અહેવાલ સાથે સામેલ નથી.

૨. આચાર્ય, ગ્રંથપાલ અને પી.ટી.આઈની નિમણુંક બી.એડ કોલેજ માટે ભરેલ છે. ૬ નો માન્યતા વગરનો શૈક્ષણિક સ્ટાફ ભરેલ છે જે અહેવાલમાં સામેલ રાખેલ છે.

૩. સંસ્થા પાસે જમીન ૫ એકર ટ્રસ્ટના નામ પર છે.

૪. સંલગ્ન કોલેજમાં નવા અભ્યાસક્રમ માટેની માળખાકીય સુવિધાઓ ધરાવે છે.

૫. કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./ સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

૬. સિન્ડિકેટ તા.૧૪/૦૮/૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૫

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત હાલ મુલત્વી રાખવી."

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત હાલ મુલત્વી રાખવી તેમજ આગામી નીડ કમિટીમાં રજૂ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નીડ કમિટિની બેઠક તાત્કાલિક બોલાવવી.**

**(નોંધ:- ઉપર્યુક્ત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો નીડ-સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે.)**

૬ જોડાણ — આચાર્યશ્રી, શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ- સુરત સંચાલિત- કાબરીયા આર્ટસ, વાઘસીયા કોમર્સ અને ભગત સાયન્સ મહિલા કોલેજ-અમરેલી તરફથી જુન ૨૦૧૯થી સંલગ્ન કોલેજમાં નવા અભ્યાસક્રમનાં જોડાણ માટે આવેલ અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર સિન્ડિકેટ તા.૧૪/૦૮/૨૦૧૯ ની સભાનાં ઠરાવ ૪૨ થી વિચારણામાં હતી જે સિન્ડિકેટે મુલત્વી રાખેલ હતી જે પરત્વે એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ ફેર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત :**

**વિજ્ઞાન વિદ્યાશાખા:- ( નવું જોડાણ)**

ડી.એમ.એલ.ટીના અભ્યાસક્રમ

નોંધ : ૧. સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તારીખ વગરનો નો અહેવાલ તા.૦૯/૦૮/૨૦૧૯ના રોજ અત્રે મળેલ છે. સંલગ્ન કોલેજમાં નવા અભ્યાસક્રમનું જોડાણ આપવા ભલામણ કરેલ છે. પેન ડ્રાઈવ અહેવાલ સાથે સામેલ છે.

૨. શૈક્ષણિક સ્ટાફ અંગે બાહેધરી આપેલ છે.જે અહેવાલમાં સામેલ રાખેલ છે .

૩. સંસ્થા પાસે જમીન ૨૩ એકર જમીન ટ્રસ્ટના નામ પર છે.

૪. સંલગ્ન કોલેજમાં નવા અભ્યાસક્રમ માટેની માળખાકીય સુવિધાઓ ધરાવે છે.

૫. કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./ સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

૬. સિન્ડિકેટ તા.૧૪/૦૮/૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૨
"આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત હાલ મુલત્વી રાખવી."

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત હાલ મુલત્વી રાખવી તેમજ આગામી નીડ કમિટીમાં રજૂ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નીડ કમિટિની બેઠક તાત્કાલિક બોલાવવી.**

**(નોંધ:- ઉપર્યુક્ત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો નીડ-સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે.)**

૭ બાંધકામ — કોન્વોકેશન સેન્ટરના બાંધકામની બાકી રહેતી કામગીરી જાહેર હિસાબ સમિતી દ્વારા આપવામાં આવેલ નિર્ણય અનુસાર પુર્ણ કરવા અંગે.

નોંધ:- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં કોન્વોકેશન સેન્ટરનું બાંધકામ ઘણા સમયથી બંધ છે. આ માટે જાહેર હિસાબ સમિતિ દ્વારા કામગીરીની સંપૂર્ણ વિગત માંગવામાં આવેલ અને તા.૨૬/૦૨/૨૦૧૯ના રોજ સમિતિ સમક્ષ યુનિવર્સિટીનાં રજીસ્ટ્રારશ્રીને હાજર રહેવા જણાવવામાં આવેલ. તા.૨૬/૦૨/૨૦૧૯ના રોજની બેઠકમાં જાહેર હિસાબ સમિતિ દ્વારા આપવામાં આવેલ નિર્ણય અનુસાર આ કોન્વોકેશનનું બાકી રહેલું બાંધકામ તાકીદે નિયમાનુસારની કાર્યવાહી પૂર્ણ કરીને આગામી જાહેર હિસાબ સમિતિની બેઠકમાં રજૂ કરવા જણાવેલ.

અગાઉ આ કામગીરી માટે એસ્ટેટ કમિટીની તા.૦૯/૦૫/૨૦૧૭ના ઠરાવ નં.૧૨ થી નક્કી કરવામાં આવેલ કે લોડ બેરીંગ સ્ટ્રક્ચરને ધ્યાનમાં લેતા ૨૦૦૦ થી ૨૫૦૦ લોકો બેસી શકે તેવા ઓપન એર થીયેટર માટે મીનીમમ આવશ્યકતાને ધ્યાનમાં રાખી ઉપયોગમાં લઈ શકાય તે માટેનો એસ્ટીમેટ એસ્ટેટ કમિટીમાં રજૂ કરવો. જે સિન્ડિકેટની તા.૨૪/૦૮/૨૦૧૭ની સભાના ઠરાવ નં.૧૨ થી મંજૂર કરવામાં આવેલ.

ઉપરોક્ત ઠરાવ અનુસાર આર્કિટેક્ટ પાસેથી રૂ.૭૮,૩૪,૨૬૦/-નો ડીટેઈલ એસ્ટીમેટ મેળવવામાં આવેલ. દરમ્યાનમાં જાહેર હિસાબ સમિતિ દ્વારા તા.૧૭/૦૯/૨૦૧૯ના રોજ સમિતિ સમક્ષ ફરી હાજર રહેવા જણાવવામાં આવેલ.

તા.૧૭/૦૯/૨૦૧૯ના રોજ જાહેર હિસાબ સમિતિની મીટીંગમાં સૂચના થયા અનુસાર કોન્વોકેશન સેન્ટરનું બાંધકામ લોડ બેરીંગ સ્ટ્રકચર સુધીને બદલે સંપૂર્ણ મૂળ પ્લાન મુજબ કામ પૂર્ણ કરવા જણાવવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ હકિકતને ધ્યાનમાં રાખી કોન્વોકેશન સેન્ટરનું બાંધકામ મૂળ પ્લાન અનુસાર પૂર્ણ કરવા માટે આ કામના આર્કિટેક પાસે ડીટેઈલ એસ્ટીમેટ બનાવી આગળની કાર્યવાહી કરવા વિચારણા થવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે કોન્વોકેશન સેન્ટરના બાંધકામની બાકી રહેતી કામગીરી જાહેર હિસાબ સમિતી દ્વારા આપવામાં આવેલ નિર્ણય અનુસાર બેઝીક પ્લાન મુજબ પુર્ણ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત અંગે સિન્ડિકેટ સભ્યશ્રી હરદેવસિંહ જાડેજા અને ડૉ. ધરમભાઈ કાંબલીયાના આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબનાં વિરોધ સાથે બહુમતીથી પસાર કરવામાં આવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે દાતાશ્રી પાસેથી લેવાની થતી બાકી રકમ મેળવવા દાતાશ્રીને વિનંતીપત્ર લખવો.**

૮ એકેડેમિક

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સૌરાષ્ટ્ર હેરીટેજ ચેરના કો-ઓર્ડીનેટરશ્રી દ્વારા Sourashtri Yuva Bharthi Courseનો સર્ટીફીકેટ કોર્ષનો અભ્યાસક્રમ કો-ઓર્ડીનેટરશ્રીએ રજૂ કરેલ સદરહું કોર્ષ તામિલનાડુમાં રહેતા ગુજરાતી બાળકો/વિદ્યાર્થીઓ સંદર્ભે સર્ટીફીકેટ કોર્ષ ઓગસ્ટ ૨૦૧૯ થી મંજૂર કરવાની ભલામણ માન.કુલપતિશ્રીએ અધિકાર મંડળોની બહાલીની અપેક્ષા મંજૂર કરેલ છે. આથી માન.કુલપતિશ્રીના ઉક્ત બહાલીના કાર્યની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે** Sourashtri Yuva Bharthi Course - સર્ટીફીકેટ કોર્ષનો અભ્યાસક્રમ **યુનિવર્સિટી પર આર્થિક બોજ ન આવે તે રીતે વર્ષ ૨૦૧૯-૨૦ માત્ર એક વર્ષ માટે શરૂ કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કાર્યરત વિવિધ ચેરનું સંકલન રહે તેમજ ખર્ચ બેવડાઈ નહિ તે હેતુસર તમામ ચેર કોઈ એક બિલ્ડીંગમાં સ્થપાય તે માટે કાર્યવાહી હાથ ધરવી.**

**(નોંધ:- ઉપરોક્ત બાબત પરિપત્રાંક નં.એકે/સૌ.હેરીટેજ/સર્ટી/૫૯૩/૨૦૧૯ તા.૧૫/૧૦/૨૦૧૯ અન્વયે પરિપત્રિત કરેલ છે. જે પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે.)**

૯ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત ટી-પોસ્ટની મુદત વધારવા પરત્વે વિચારણા કરવા બાબત.

સામાન્ય

-સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત ટી-પોસ્ટને સિન્ડિકેટની તા.૧૦/૦૬/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક-૩૨

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસ પર આવેલ ટી પોસ્ટ પ્રાઈવેટ લીમીટેડની સેવા લંબાવવી અને નિયમોનુસારની નોટીસ આપી સેવા સમાપ્ત કરવી."

-ઉપરોક્ત સિન્ડિકેટના ઠરાવ અન્વયે ટી-પોસ્ટને સેવા સમાપ્ત કર્યા અંગેનો ક્રમાંક:સમન/ટી પોસ્ટ/૯૩/૨૦૧૯, તા.૦૧/૦૭/૨૦૧૯ થી પત્ર પાઠવેલ છે.

-ટી પોસ્ટનો તા.૩૦/૦૭/૨૦૧૯ના મુદત વધારા અંગેનાં પત્ર પર સામાન્ય વિભાગની તા.૩૦/૦૭/૨૦૧૯ની નોંધનાં આદેશ "સિન્ડિકેટમાં થયેલ ઠરાવ મુજબ અમલ કરીએ"

-ઉપરોક્ત આદેશ અન્વયે અત્રેનાં પત્ર ક્રમાંક:સમન/ટી પોસ્ટ/૧૩૦/૨૦૧૯, તા.૧૩/૦૮/૨૦૧૯ થી કોન્ટ્રાક્ટ સમાપ્ત કર્યા અંગેનો પત્ર પાઠવેલ છે.

-ટી પોસ્ટનો તા.૨૪/૦૯/૨૦૧૯ના પત્ર દ્વારા યુવક મહોત્સવ ચાલુ છે ત્યાં સુધી મુદત વધારવા અંગેનાં પત્ર પર સામાન્ય વિભાગની તા.૨૪/૦૯/૨૦૧૯ની નોંધના આદેશ "તા.૦૧/૧૦/૨૦૧૯ સુધી લંબાવીએ"

-તા.૦૧/૧૦/૨૦૧૯ સુધી ટી પોસ્ટનો કોન્ટ્રાક્ટ લંબાવેલ છે.

-ટી પોસ્ટનો તા.૦૧/૧૦/૨૦૧૯નાં પત્ર દ્વારા ટેન્ડર પ્રક્રિયા થાય ત્યાં સુધી અથવા વર્ષ ૨૦૧૯ની દિવાળી સુધી કોન્ટ્રાક્ટ લંબાવવા માંગણી કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસ પર આવેલ વિવિધ શોપ/પાર્લર પૈકી જે શોપ/પાર્લરની ટેન્ડર પ્રક્રિયા કરવાની બાકી હોય તેની ટેન્ડર પ્રક્રિયા તાત્કાલિક પૂર્ણ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં કોઈપણ કાર્યક્રમ અંતર્ગત ભોજન સમારંભનું આયોજન કરવામાં આવે ત્યારે સિન્ડિકેટ સભ્યશ્રીઓ, ડીનશ્રીઓનું સન્માન જળવાય રહે તે રીતે વ્યવસ્થા કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુવક મહોત્સવ, પદવીદાન સમારોહ વગેરે જેવા કાર્યક્રમો અંતર્ગત મહાનુભાવો તેમજ સિન્ડિકેટ સભ્યશ્રીઓ માટે ભોજનની વ્યવસ્થા VIP ગેસ્ટ હાઉસ હોલમાં કરવી.**

૧૦ સામાન્ય સિન્ડિકેટ નીમેલ સમિતિ તા.૧૦/૦૬/૨૦૧૯ની સભાના ઠરાવ અન્વયે તા.૦૧/૦૪/૨૦૧૮ થી ૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયનો વર્ષ ૨૦૧૮-૧૯ નો ૫૨મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે, જે સેનેટમાં રજૂ કરવા માટે મંજૂર થવા બાબત.

-સિન્ડિકેટ તા.૧૦/૦૬/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક ૨૭ થી વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે નીચે મુજબના સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ.

| | |
|---|---|
| (૧) ડૉ. વિજયભાઈ પટેલ | (૪) ડૉ. નીતિનભાઈ વડગામા |
| (૨) ડૉ. ધરમભાઇ કાંબલીયા | (૫) ડૉ. સંજય મુખરજી |
| (૩) પ્રો.રાજેન્દ્ર ચોટલીયા | (૬) ડૉ. રંજનબેન ખુંટ |

**આથી ઠરાવવામાં આવે છે કે તા.૦૧/૦૪/૨૦૧૮ થી ૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયનો વર્ષ ૨૦૧૮-૧૯ નો ૫૨(બાવન)મો વાર્ષિક અહેવાલ મંજૂર કરવો અને આગામી સેનેટ સભામાં રજૂ કરવા ભલામણ કરવી.**

૧૧ યુ.જી.સી. યુજીસી ન્યુ દિલ્હીના તા.૨૩/૦૬/૨૦૧૭ના નોટીફીકેશન તથા તે પરત્વેના વખતો વખતના સુધારા મુજબ યુનિવર્સિટીમાં “ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નીંગ” હેઠળ અભ્યાસક્રમો ચાલુ કરવા માટે યુજીસીની મંજુરી મેળવવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- (૧) સદરહું અભ્યાસક્રમ માટે રેગ્યુલેશનના પાર્ટ-૨ના એનેક્સ્ચર-૪માં સ્ટાફ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને ક્રેડિટ સિસ્ટમના માળખાની વિગત નીચે મુજબ છે.

અ. શૈક્ષણિક સ્ટાફ

૧. ડાયરેક્ટર-પ્રોફેસર કક્ષાના (ફૂલ ટાઈમ, ઓપન ડિસ્ટન્સ લર્નીંગના અનુભવી.)

૨. દરેક ફેકલ્ટી માટે

-એસોસીએટ પ્રોફેસર-૧

-આસીસ્ટન્ટ પ્રોફેસર-૨

બ. વહીવટી સ્ટાફ-મેઈન કેમ્પસ ખાતે

૧. નાયબ કુલસચિવ-૧

૨. મદદનીશ કુલસચિવ-૧

૩. વિભાગીય અધિકારી-૧

૪. આસીસ્ટન્ટ-૨

૫. કોમ્પ્યુટર ઓપરેટર-૨

૬. સાથી ભાઈઓ-૨

-ઉપરોક્ત સેટઅપ ૫૦૦૦ વિદ્યાર્થીઓ માટેનું છે. ૫૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓ હોય, તો આ સેટઅપમાં પ્રમાણસર વધારો કરવાનો રહે છે.

ક. ફીઝીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર રેગ્યુલેશનમાં દર્શાવ્યા મુજબ ૧૫,૦૦૦ ચોરસ ફુટનો કાર્પેટ એરિયા.

ડ. એનેક્સ્ચર-૪ માં દર્શાવેલ ક્વોલીટી એસ્યોરન્સ ગાઈડલાઈન્સના મુદા નંબર-૫, કરીક્યુંલમ એન્ડ પેડેગોગી ક્વોલીટી સ્ટાન્ડર્ડ હેઠળ અભ્યાસક્રમ નીચેની વિગતે ક્રેડિટ સિસ્ટમ પ્રમાણે રાખવાના રહે.

બેચલર-૩ વર્ષ-૯૬-૧૦૦ ક્રેડિટ
માસ્ટર-૨ વર્ષ-૬૪-૭૨ ક્રેડિટ

(૨) યુજીસીની તા.૦૧/૧૧/૨૦૧૯ની પબ્લીક નોટીસ ક્રમાંક:એફ.૭-૧/૨૦૧૯ (ડીઈબી-૧) મુજબ શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ થી સદરહું કોર્ષ શરૂ કરવા માટેની દરખાસ્ત તા.૧૫/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯માં ઓનલાઈન કરવાની રહે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી.ના “ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નીંગ” હેઠળ અભ્યાસક્રમો ચાલુ કરવા યુ.જી.સી.ને દરખાસ્ત ન કરવી તેમજ હાલ જે એક્સટર્નલ અભ્યાસક્રમો ચાલુ છે તે યથાવત રાખવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી.ના નોર્મ્સ અન્વયે સુધારેલ ઓર્ડીનાન્સ ૨૦૫ મુજબ પ્રાધ્યાપકોના વર્કલોડનો અમલ થાય તે માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવી.**

**(નોંધ:- યુજીસી રેગ્યુલેશનની નકલ પરિશિષ્ટ “૦૭” તરીકે આ સાથે સામેલ છે.)**

૧૨ યુનિવર્સિટીનાં જુદા-જુદા અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે/સેલ્ફ ફાયનાન્સ
મહેકમ-અ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત એસોસિએટ/આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે નીચે દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | અનુસ્નાતક ભવનનું નામ | બજેટ હેડ | જગ્યા | વરણી સમિતિની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | બાયોસાયન્સ ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | તા.૧૪/૧૧/૨૦૧૯ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨ | વાણિજ્ય ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | તા. ૨૩/૧૧/૨૦૧૯ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૩ | ફાર્માસ્યુટિકલસાયન્સ ભવન | સેલ્ફ ફાયનાન્સ | ૦૪ | તા.૦૯/૧૧/૨૦૧૯ | સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદાં-જુદાં અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે/સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત**

એસોસિએટ/આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે ઉપર્યુક્ત વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ મુજબ નિમણુંક આપવી.

બાયોસાયન્સ ભવન - ગ્રાન્ટ ઈન એઈડ
૧. ડૉ. જ્યોતિ જીજ્ઞાસી		૨. ડૉ. શ્વેતા પાઠક

વાણિજ્ય ભવન - ગ્રાન્ટ ઈન એઈડ
૧. શ્રી બદીયાણી કિશન એમ.
પ્રતીક્ષા યાદી : (૧) શ્રી પરમાર કરણ એન.

ફાર્માસ્યુટિકલસાયન્સ ભવન - સેલ્ફ ફાયનાન્સ
આસીસ્ટન પ્રોફેસર - ૧. કુ. હિરલ એમ. મનાણી		૨. કુ. અસ્મિતા કાનાણી
એસોસિયેટ પ્રોફેસર - ૧. ડૉ. તૃપેશ પેથાણી

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ૧૧ માસ કરાર આધારિત ભરતી પ્રક્રિયામાં પ્રતીક્ષા યાદી પણ તૈયાર કરવી.

(નોંધ:- વરણી સમિતિની ભલામણ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)

૧૩ કોમ્પ્યુટર સેન્ટર

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં પરીક્ષા વિભાગ તથા સંલગ્ન સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં દરેક વિભાગોનાં કોમ્પ્યુટરાઈઝેસન માટે નવી ERP-Enterprise Resource Planning માટે કોમ્પ્યુટર સેન્ટર દ્વારા તા.૦૯/૧૦/૨૦૧૯ની નોધ થી ફાઈનાન્સ કમીટીમાં મુકવામાં આવેલ જે Annexure-1 આ સાથે સામેલ છે.

તા.૧૧/૧૦/૨૦૧૯નાં રોજ ફાઈનાન્સ કમીટી દ્વારા આથી ઠરાવેલ કે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની પરીક્ષા તથા સલગ્ન સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં દરેક વિભાગોનાં કોમ્પ્યુટરાઈઝેસન માટે નવી ERP-Enterprise Resource Planning કામગીરી માટે GIPL ગાંધીનગર દ્વારા કરાવવા માટેની બાબત નીતીવિષયક હોય સિન્ડીકેટમાં આ અંગે વિચારણા કરવા સિન્ડીકેટને ભલામણ કરેલ. જે Annexure-2 આ સાથે સામેલ છે .

ઉપરોક્ત ફા.કમિટીની બાબત તા.૨૩/૧૦/૨૦૧૯ની સિન્ડીકેટમાં મુકવામાં આવેલ. આ સિન્ડીકેટમાં સિન્ડીકેટ સભ્યોદ્વારા જણાવવામ આવેલ કે આ તમામ પાર્ટીઓને દીવાળી બાદ ડેમો માટે બોલાવીએ .

માન.કુલપતિશ્રી તેમજ માન.ઉપકુલપતિશ્રી સાથે રૂબરૂ ચર્ચા થયા મુજબ તા. ૧૧/૧૧/૨૦૧૯નાં રોજ બપોરે ૧૧:૦૦ વાગ્યેથી Syndicate Roomમાં Syndicate Membersની હાજરીમાં Presentation મીટીંગ રાખેલ હતી જે Annexure-3 આ સાથે સામેલ છે.

તા. ૨૨/૧૧/૨૦૧૯ નાં GIPL નાં ચીફ પ્રોજેક્ટ ઓફિસરનો પત્ર તથા GIPL નાં CEO ની તા. ૨૨/૧૧/૨૦૧૯ ની માનનીય કુલપતિશ્રી સાથેની રૂબરૂ મુલાકાત તથા માનનીય

કુલપતિશ્રી નાં ઉપરોકત પત્ર પરનાં રીમાર્કસ અન્વયે,

1. Annexure - 4 મુજબ જુદી જુદી પાર્ટીઓનું કમ્પેરેટીવ સ્ટેટમેન્ટ આ સાથે સામેલ છે. જે પૈકી GIPL નાં ડેમોમાં નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને આવેલ છે.

**2. GIPL**

1. GIPL એ ગુજરાત સરકાર ની માન્ય PSU કંપની છે. (Annexure -5 )
2. આ કંપનીને ઓર્ડર આપવા માટે ગુજરાત સરકારનાં G.R. No.TSP/2004/808/DST Dt.18/03/2010 નાં G.R. મુજબ કોઇપણ ટેન્ડર પ્રોસેસ કરવાની થતી નથી (Annexure -6)
3. GIPL સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સીટી વર્ષ ૨૦૧૦ થી સંકળાયેલ છે.
4. હાલમાં GIPL દ્વારા પરીક્ષા વિભાગની કોમ્પ્યુટર પરની કામગીરી CBCS ની ડીઝાઇન, એનાલિસિસ, ડેવલોપમેન્ટ અને ઈમ્પ્લીમેન્ટેસન ની કામગીરી સંતોષકારક પૂર્ણ કરેલ છે અને વર્ષ ૨૦૧૦ - ૨૦૧૯ થી (૯ વર્ષ)થી સંતોષકારક રીતે ચાલી રહી છે. (Annexure -7)
5. GIPL પાસે સૌરાષ્ટ્ર યુનિવર્સીટી નાં ઓર્ડીનન્સ, સ્ટેચ્યુટસ તથા પરિક્ષાને લગતા રૂલ્સ રેગ્યુલેશન્સની સંપૂર્ણ જાણકારી ધરાવે છે, જેનાં કારણે પરિક્ષાને લગતી કોમ્પ્યુટરની તમામ કામગીરી સારી રીતે કરી શકે છે.
6. પરિક્ષાનિ નોન CBCS તથા અન્ય તમામ કામગીરી, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી નાં તમામ વિભાગો / ભવનો તથા જુદા જુદા સેન્ટર્સ , કેમ્પસની તમામ હોસ્ટેલો તથા તમામ સ્ટેક હોલ્ડર્સ નો સમાવેશ GIPL દ્વારા આપવામાં આવેલ તા.૨૨/૧૧/૨૦૧૯ ની ERPની પ્રપોઝલમાં સમાવિષ્ટ થઇ જાય છે. (Annexure -8)
7. Rs. 1,68,82,000/- + GST ( Optional -1, Full ERP Scope ) માં નીચે મુજબના ચાર્જીસનો સમાવેશ થાય છે.
   - A.M.C. for software and Hardware
   - Cost of service Co-Location
   - Cost of Data Migration

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખી નીચેની શરતોએ GIPL **ને Rs. 1,68,82,000/- + GST (૬૨ વર્ષ )** પાંચ વર્ષ માટે એગ્રીમેન્ટ કરવા વિચારણા કરી શકાય.

1. Deploy 2-4 developer at Saurashtra University till project has been satisfactorily implemented and adopted by the university;
2. Gipl has to Provide/ submitte weightage of modules and implementation; chart to Saurastra University before start the ERP

project.

3. **PENALTY CLAUSE:** If fails to implementation chart given by GIPL, penalty will be applicable up to 30% of project cost;
4. Payment terms should be as per completion and deployment of modules as per their(gipl) weightage.
5. Once any/all modules is/are implemented by the GIPL, at Saurastra University and in future any changes required in any/all deployed modules, will be carried out without any cost by GIPL within timeline provided by the Saurastra university;
6. Price includes all AMC of software, hardware, network bandwidth and relevant licenses and co-location charges;
7. No extra charges of any kind of services, hardware, Software and ERP related will not be paid by Saurashtra University till entire ERP systems is satisfactorily implemented and accepted by Saurashtra University.

ઉપરોક્ત બાબતો ને ધ્યાને લઇ GIPLનાં રૂ.૧,૬૮,૮૨,૦૦૦/- + ટેક્ષ. ૧ વર્ષનો ખર્ચ × ૫ વર્ષ નું એગ્રીમેન્ટ = અંદાજે રૂ. ૮,50,00,000,/- (આઠ કરોડ પચાસ લાખ ) + Applicable Tax માટે રાજ્ય સરકાર પાસે દરખાસ્ત કરવા મંજુરી અર્થે.

અથવા

૩. **DOT** (Department of Telecommunication) - Telecommunication Consultant India Limited (Government of India Enterprise)

3.1 TCIL દ્વારા આપવામાં આવેલ પ્રોપોઝલ મુજબ સૌરાષ્ટ્રયુનીવર્સીટીનું સંપૂર્ણ ERP કરવાં માટેનો કુલ ખર્ચ રૂ. ૧,૦૦,૦૦,૦૦૦/- (એક કરોડ) + ટેક્ષ પ્રતિ વર્ષ થશે.

૩.2 આ કંપની સેન્ટ્રલ ગવરમેન્ટ દ્વારા સ્થપાયેલી છે (Annexure-9).

3.3 આ કંપની રાજ્યલેવલ, નેશનલ લેવલ તથા International લેવલનો અનુભવ ધરાવે છે.

(Annexure-10).

૩.4 અન્ય ટેકનીકલ મુદ્દાઓ Annexure-4 માં દર્શાવેલ છે.

ઉપરોક્ત બાબતો ને ધ્યાને લઇ TCIL નાં રૂ.૧,00,00,000/- + ટેક્ષ. ૧ વર્ષનો ખર્ચ × ૫ વર્ષ નું એગ્રીમેન્ટ = અંદાજે રૂ. ૫,00,00,૦૦૦,/- (પાંચ કરોડ) + Applicable Tax માટે રાજ્ય સરકાર પાસે દરખાસ્ત કરવા મંજુરી અર્થે.

ઉપરોક્ત બન્ને પાર્ટી માંથી જે પાર્ટી પાસે કામગીરી કરાવવાની થાય તે પાર્ટી પાસે

માર્ચ/એપ્રિલ-૨૦૨૦ થી વર્ક ઓર્ડર આપવાનો રહેશે. જે અંગે મંજુરી અર્થે સાદર રજૂ.

ઉપરોક્ત બાબતે નિર્ણય લેવા માટે કોમ્પ્યુટર સેન્ટર દ્વારા તા.૧૮/૧૧/૨૦૧૯નાં આગળની પ્રક્રિયા કરવાં નોંધ મુકવામાં આવેલ જેંમા માંન. કુલપતિશ્રીનાં તા.૩૦/૧૧/૨૦૧૯નાં આદેશ મુજબ આગામી સિન્ડીકેટમાં નિતી વિષયક બાબતોનો નિર્ણય કરવાં જણાવેલ છે. Annexure-11

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં પરીક્ષા વિભાગ તથા અન્ય વિભાગોનાં કોમ્પ્યુટરાઈઝેસન અર્થે ERP-Enterprise Resource Planning કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા સત્વરે હાથ ધરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ERP-Enterprise Resource Planning માટેનાં ટેન્ડરની શરતોમાં સોર્સ કોડ યુનિવર્સિટીને આપવામાં આવે તેમજ સર્વર યુનિવર્સિટી ખાતે રહે તે મુજબ શરતો રાખવી.**

**(નોંધ: ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૮" તરીકે આ સાથે સામેલ છે)**

૧૪ મહેકમ-અ યુનિવર્સિટીનાં જુદા-જુદા અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે/સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત એસોસિએટ/આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે નીચે દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | અનુસ્નાતક ભવનનું નામ | બજેટ હેડ | જગ્યા | વરણી સમિતિની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | મનોવિજ્ઞાન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | તા. ૦૬/૧૨/૨૦૧૯ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨ | ગણિતશાસ્ત્ર ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૩ | તા. ૨૮/૧૧/૨૦૧૯ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદાં-જુદાં અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે/સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત એસોસિએટ/આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે ઉપર્યુક્ત વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ મુજબ નિમણુંક આપવી.**

**મનોવિજ્ઞાન - ગ્રાન્ટ ઈન એઈડ**

**૧. ડૉ. ધારા આર. દોશી**

**પ્રતીક્ષા યાદી : (૧) ડૉ. બી.કે. આશરા**

**ગણિતશાસ્ત્ર ભવન - ગ્રાન્ટ ઈન એઈડ**

**૧. શ્રી સાકેત એમ. બદીયાણી  ૨. કુ. મિતલ કે. વ્યાસ**

**૩. શ્રી હર્ષ પી. કોઠારી**

(નોંધ:- વરણી સમિતિની ભલામણ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)

૧૫ મહેકમ-અ યુનિવર્સિટીનાં જુદા-જુદા અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે/સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત એસોસિએટ/આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે નીચે દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | અનુસ્નાતક ભવનનું નામ | બજેટ હેડ | જગ્યા | વરણી સમિતિની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | શારીરિક શિક્ષણ અનુસ્નાતક ભવન | સેલ્ફ ફાયનાન્સ | ૦૪ | તા.૨૩/૧૧/૨૦૧૯ | સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદાં-જુદાં અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે/સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત એસોસિએટ/આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે ઉપર્યુક્ત વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ મુજબ નિમણુંક આપવી.

શારીરિક શિક્ષણ અનુસ્નાતક ભવન - સેલ્ફ ફાયનાન્સ

૧. શ્રી વિક્રમ વંકાણી ૨. શ્રી ભાવિક કંટેસરીયા

૩. શ્રી ભાવેશ રાબા ૪. શ્રી ભગીરથ રાઠોડ

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે શારીરિક શિક્ષણ ભવનની આર્થિક સક્ષમતા જળવાય રહે ત્યાં સુધી ઉપર્યુક્ત સ્ટાફની નિયુક્તિ ચાલુ રાખવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ૧૧ માસ કરાર આધારિત પ્રાધ્યાપકોની ભરતી પ્રક્રિયામાં યુનિવર્સિટી દ્વારા માન્ય યાદી પૈકીના હાલ સેવામાં ચાલુ હોય તેવા પ્રાધ્યાપકોની વિષય નિષ્ણાંત તરીકે નિયુક્તિ કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કે ૧૧ માસ કરાર આધારિત પ્રાધ્યાપકોની ભરતી પ્રક્રિયામાં અન્ય યુનિવર્સિટીનાં માન્ય પ્રાધ્યાપકોને વિષય નિષ્ણાંત તરીકે નિયુક્તિ આપવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોઈ વિષયમાં અન્ય યુનિવર્સિટીનાં માન્ય પ્રાધ્યાપકો ઉપલબ્ધ ન હોય તો તેવી સ્થિતિમાં યુનિવર્સિટી સિવાયની અન્ય માન્ય સંસ્થાઓના પ્રાધ્યાપકો/એકેડેમીસીયનોને વિષય નિષ્ણાંત તરીકે બોલાવવાની માન્ય કુલપતિશ્રીને સત્તા આપવી.

(નોંધ:- વરણી સમિતિની ભલામણ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)

૧૬ મહેકમ-અ યુનિવર્સિટીના જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં જુદા જુદા વિષયોની શૈક્ષણિક જગ્યાઓ પર નિમણૂક માટેની વરણી સમિતિમાં વિષય નિષ્ણાતોની નિમણૂક કરવા માટે યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ એક્ષ્પર્ટ યાદી મંજૂર રાખવા વિચારણા થવા અર્થે,

(નોંધ:- યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં જુદા જુદા વિષયના પ્રાધ્યાપકોના ઈન્ટરવ્યુ સમયે માન. કુલપતિશ્રી દ્વારા ત્રણ વિષય નિષ્ણાતોની નિમણૂક સિન્ડીકેટ દ્વારા માન્ય કરવામાં આવેલ યાદીમાંથી કરવાનો નિયમ છે.હાલમાં જે યાદી છે તે ઘણી જૂની થઇ ગયેલ હોય, યુનિવર્સિટી દ્વારા જે તે ભવનોના અધ્યક્ષશ્રીઓ પાસેથી વિષય નિષ્ણાતોના નામ મંગાવી યાદી તૈયાર કરવામાં આવી છે. જે મંજૂર કરવાની રહે છે. યાદી સભા સમયે રજુ કરવામાં આવશે.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ વિષય નિષ્ણાંતોની યાદી મંજૂર રાખવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સિવાય અન્ય કોઈ વિષય નિષ્ણાંતોનો આ યાદીમાં સમાવેશ કરવા માટે માન. કુલપતિશ્રીને સત્તા આપવી.**

૧૭ મહેકમ-અ યુનિવર્સિટીનાં જુદા-જુદા અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે/સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત એસોસિએટ/આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે નીચે દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | અનુસ્નાતક ભવનનું નામ | બજેટ હેડ | જગ્યા | વરણી સમિતિની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | હોમ સાયન્સ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | તા.૧૨/૧૨/૨૦૧૯ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨ | પત્રકરીત્વ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | તા.૧૬/૧૨/૨૦૧૯ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદાં-જુદાં અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે ઉપર્યુક્ત વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ મુજબ નિમણુંક આપવી.**

**હોમ સાયન્સ અનુસ્નાતક ભવન - ગ્રાન્ટ ઇન એઇડ**

**૧. ડૉ. ગીતા રાઠોડ**

**પત્રકારીત્વ અનુસ્નાતક ભવન - ગ્રાન્ટ ઇન એઇડ**

**૧. ડૉ. તૃપ્તિ વ્યાસ**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે વરણી સમિતિમાં વિષય નિષ્ણાંત તરીકે આવેલ ડૉ. શિરીષ કાશીકર એ વિષય નિષ્ણાંતની યાદીમાં ન હોય આ બાબતે અધ્યક્ષશ્રીનો ખુલાસો પૂછવો.**

**(નોંધ:- વરણી સમિતિની ભલામણ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)**

૧૮ એકેડેમિક આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તબીબી વિદ્યાશાખાની તા.૧૮/૧૦/૨૦૧૯ની સભાની ભલામણ ક્રમાંક '૪.૪' (સંદર્ભ) ભાગ પર વિચારણા કરવા બાબત.

ભલામણ ક્રમાંક '૪.૪'

"આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાની ડીગ્રી/ડિપ્લોમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે પરિણામ પ્રસિદ્ધ થયાની તારીખથી '૧' (એક) માસમાં સપ્લીમેન્ટરી પરીક્ષા યોજવી તેવી જોગવાઈ મંજૂર કરવા આથી એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

**આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ઉપર્યુક્ત ભલામણ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સ્વીકારવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે માત્ર પ્રથમ એમ.બી.બી.એસ.માં વિદ્યાર્થી ફેઈલ થાય અથવા વિદ્યાર્થી તમામ પેપર્સમાં એપિયર થયેલ ન હોય પરંતુ સિવિલ સર્જનનાં મેડીકલ પ્રમાણપત્ર રજૂ કરે તેવા કિસ્સામાં વિદ્યાર્થી સપ્લીમેન્ટરી પરીક્ષા આપી શકશે.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થી પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.માં ફેઈલ થાય તે વિદ્યાર્થી સપ્લીમેન્ટરી પરીક્ષા ઉપરાંત રી-એસેસમેન્ટ પણ કરાવી શકશે.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.માં ફેઈલ થયેલ વિદ્યાર્થી રી-એસેસમેન્ટ કરાવે અને પાસ થાય આ ઉપરાંત સપ્લીમેન્ટરી પરીક્ષામાં પણ આપે અને તેમાં પાસ થાય તો તેવા કિસ્સામાં આ બે પૈકી જેમાં વધુ ગુણ આવ્યા હશે તે ધ્યાને લેવાના રહે.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સપ્લીમેન્ટરી પરીક્ષાનું રી-એસેસમેન્ટ ન કરાવવું.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે રી-એસેસમેન્ટનું પરીણામ ૦૧ માસમાં જાહેર કરવું.**

૧૯ સિન્ડિકેટ તા.૨૫/૦૬/૨૦૧૯ના રોજ મળેલ નીડ કમિટિમાં થયેલ ચર્ચા મુજબ સિન્ડિકેટની મીટીંગ દરમ્યાન સિન્ડિકેટ સભ્યશ્રીને સીટિંગ એલાઉન્સ રૂ.૩,૦૦૦/- આપવામાં આવે છે. સિન્ડિકેટ સિવાયની અન્ય કોઈ કમિટિમાં સભ્યશ્રી તરીકે સિન્ડિકેટ મેમ્બરની હોદાગત નિયુક્તિ થયેલ હોય તેવા કિસ્સામાં પ્રતિ કમિટી રૂ.૧,૦૦૦/- સીટિંગ એલાઉન્સ એમ પ્રતિદિન રૂ.૩,૦૦૦/-ની મર્યાદામાં સીટિંગ એલાઉન્સ ચૂકવવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- સદરહુ બાબતનો અમલ તા.૨૫/૦૬/૨૦૧૯ની અસરથી કરવાનો રહેશે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત નામંજુર કરવી.**

૨૦ બાંધકામ એસ્ટેટ કમિટિની તા.૨૬/૧૧/૨૦૧૯નાં રોજ મળેલ સભાની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૨૬/૧૧/૨૦૧૯નાં રોજ મળેલ સભાની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવી.**

**(નોંધ : એસ્ટેટ કમિટિની તા.૨૬/૧૧/૨૦૧૯નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૯" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૧ યુ.જી.સી. યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવેલ તેના વિઝન, મિશન અને મોટ્ટો પરત્વે યોગ્ય વિચારણા કરવા બાબત.

**નોંધ :** ૧. હાલના વિઝન, મિશન અને મોટ્ટોની વિગત નીચે મુજબ છે.

**OUR VISION**

To be at the vanguard of knowledge in the domain on higer learning and achieve the highest global standards.

**OUR MISSION**

**1.** To achieve excellence in teaching and research.
**2.** To empower learners in achieving their professional goals.
**3.** To strengthen educational-professional interface.
**4.** To contribute in building the society and the nation.
**5.** To improve the quality of life in harmony with our heritage, culture and environment.
**6.** To relate learning with the highest human values.

**OUR MOTTO**

Educate Liberate Transform

ઉપરોક્ત વિઝન, મિશન અને મોટ્ટો બાબતે યોગ્ય વિચારણા કરવાની થાય છે.

**આથી ઠરાવવામાં આવે છે કે,યુનિવર્સીટીમાં વહીવટી અને શિક્ષણમાં ગુણાત્મક સુધારા માટે પંચવર્ષીય એક્શન પ્લાન (૨૦૧૯-૨૦ થી ૨૦૨૩-૨૪) તૈયાર કરવા સૂચનો રજુ કરવા.**

૨૨ હિસાબ ફાઈનાન્સ કમિટિની તા.૨૭/૧૧/૨૦૧૯નાં રોજ મળેલ સભાની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ કમિટિની તા.૨૭/૧૧/૨૦૧૯નાં રોજ મળેલ સભાની ભલામણો અને કાર્યવાહી નોંધ નીચે મુજબનાં સુધારા સાથે મંજૂર કરવી.**

ઠરાવ ક્રમાંક : ૧૦

થયેલ ઠરાવમાં નીચે મુજબ ઉમેરો કરવો.

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત ખર્ચ કલ્ચરલ એક્ટીવિટીઝના સદરે પાડવા સીન્ડીકેટને ભલામણ કરવી."

ઠરાવ ક્રમાંક : ૧૧

થયેલ ઠરાવમાં નીચે મુજબ સુધારો કરવો.

"આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત બાબતને નોંધ લેવીને બદલે માન.કુલપતિશ્રીની બહાલી ગણવી અને તે મુજબ બહાલી આપવી."

ઠરાવ ક્રમાંક : ૧૬

થયેલ ઠરાવમાં નીચે મુજબ સુધારો કરવો.

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહું ખર્ચ રૂષા ગ્રાન્ટ અન્વયે થનાર હોય. ખર્ચનો હેતુ તથા એકેડેમિક એક્સેલેન્સી જળવાઈ રહે, પ્રવાસના સ્થળમાં ફેરફાર કરવામાં આવે તે શરતે વિગત વાર અહેવાલ આપવા સર્વે સીન્ડીકેટ સભ્યશ્રીઓની સમિતિની રચના કરવી."

ઠરાવ ક્રમાંક : ૧૭

થયેલ ઠરાવમાં નીચે મુજબ સુધારો કરવો.

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહું ખર્ચ રૂષા ગ્રાન્ટ અન્વયે થનાર હોય. ખર્ચનો હેતુ તથા એકેડેમિક એક્સેલેન્સી જળવાઈ રહે,પ્રવાસના સ્થળમાં ફેરફાર કરવામાં આવે તે શરતે વિગત વાર અહેવાલ આપવા સર્વે સીન્ડીકેટ સભ્યશ્રીઓની સમિતિની રચના કરવી."

ઠરાવ ક્રમાંક : ૨૬

થયેલ ઠરાવમાં ખર્ચ સદરમાં નીચે મુજબ સુધારો કરવો.

"...અને ખર્ચ ગુજરાત સરકારશ્રીની લેબ.ફર્નીચર એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનના હેડમાં પાડવા સિન્ડીકેટને ભલામણ કરવી."

ઠરાવ ક્રમાંક : ૩૩

થયેલ ઠરાવમાં નીચે મુજબ સુધારો કરવો.

"...એમ કુલ રૂપિયા ૩૩,૦૦,૦૦૦/-ની બજેટરી જોગવાઈ કરવી."

(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૨૭/૧૧/૨૦૧૯નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૧૦" તરીકે આ સાથે સામેલ છે.)

૨૩ પી.જી.ટી. આર. બી.યુ.ટી. કમિટિની તા.૦૨/૧૨/૨૦૧૯નાં રોજ મળેલ સભાની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે બી.યુ.ટી. કમિટિની તા.૦૨/૧૨/૨૦૧૯નાં રોજ મળેલ સભાની ભલામણો અને કાર્યવાહી નોંધ નીચે મુજબનાં સુધારા સાથે મંજૂર કરવી.**

ઠરાવ ક્રમાંક : ૩૫

**થયેલ ઠરાવના સંદર્ભ ભાગમાં નીચે મુજબ નો સુધારો કરવો.**

**"આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા પાસ કરેલ ઉમેદવારોની એલીજીબીલીટીની મુદ્દત વર્ષ ૨૦૧૯-૨૦ થી ૦૬ (છ) વર્ષ માટે માન્ય રાખવી તેમજ જે ઉમેદવારોએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ કે તે પહેલા પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારોની એલીજીબીલીટીની મુદ્દત "FOREVER" રાખવી."**

**(નોંધ : બી.યુ.ટી. કમિટિની તા.૦૨/૧૨/૨૦૧૯નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૧૧" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૪ એકેડેમિક એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૨/૨૦૧૯ની સભાના નીચે મુજબના ઠરાવો/ભલામણો પરત્વે વિચારણા કરવા/ નોંધ લેવા બાબત.

એકેડેમિક કાઉન્સિલના ઠરાવ ક્રમાંક

૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૬, ૫૭, ૫૯, ૬૧, ૬૫, ૬૭, ૬૮, ૭૦, ૭૭, ૭૮.

**આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા.૧૦/૧૨/૨૦૧૯ની સભાનાં ઉપર મુજબના ઠરાવો / ભલામણો મંજૂર કરવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા.૧૦/૧૨/૨૦૧૯ની સભાનાં ઉપર મુજબના આઈટમ વાઈઝ ઠરાવો પરિશિષ્ટ તરીકે આ સાથે સામેલ છે .**

**(નોંધ : એકેડેમિક કાઉન્સિલની તા.૧૦/૧૨/૨૦૧૯ની સભાના ઉપર્યુક્ત ઠરાવો/ભલામણો પરિશિષ્ટ "૧૨" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૫ Study In Gujaratમાં ભાગ લેવા બાબતે ફાયનાન્સ સમિતિની બહાલીની અપેક્ષાએ ખર્ચ રકમ
આઈ.કયું. રૂ.૧૩.૫ લાખ મંજૂર કરવા વિચારણા થવા બાબત.
એ.સી.

**નોંધ :** ૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ Stuudy In Gujarat માં ભાગ લેવાનો હોય જેના માટે Participating Charges And Partnership Charges નીચે મુજબ જુદા જુદા ચાર્જીસ આપેલ છે.

- Participating Charges
  - A. Rs. 5 Lakh For Participation In All 10 Domestic Road Shows
  - B. Rs. 6 Lakh For Participation In All 12 International Road Shows
- Partnership Charges
  - A. Rs. 2.5 Lakh For Domestic Road Shows, The Partner University/Institution Will Make Presentation During Yhe Event

૨. KCG, અમદાવાદના તા.૧૨/૧૨/૨૦૧૯ના પત્ર મુજબ ખર્ચ થનાર છે.

૩. ઉપરોક્ત ખર્ચ વર્ષ ૨૦૧૯-૨૦ના "STUDENT DEVELOPMENT ACTIVITIES" ના બજેટ હેડમાં ખર્ચ પાડીએ.

**આથી ઠરાવવામાં આવે છે કે Study In Gujaratમાં ભાગ લેવા બાબતે ફાયનાન્સ સમિતિની બહાલીની અપેક્ષાએ ખર્ચ રકમ રૂ.૧૩.૫ લાખ ઉપર્યુક્ત વિગતે મંજૂર કરવો.**

૨૬ માન. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત કમીટી દ્વારા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં પ્રોફેસર તથા
મહેકમ-અ એસોસિએટ પ્રોફેસરની જગ્યાઓ ભરવા માટે ઈન્ટરવ્યુ સમયે ઉપયોગમાં લેવાની રહેતી માર્કિંગ સ્કીમ તૈયાર કરવામાં આવેલ છે. તે પરત્વે વિચારણા કરી મંજૂર કરવા બાબત.

નોંધ : યુજીસી રેગ્યુલેશન-૨૦૧૮ તથા રીવાઈઝ્ડ ઓર્ડીનન્સ ૨૦૫ ની જોગવાઈ મુજબ પ્રોફેસર તથા એસોસિએટ પ્રોફેસરની માર્કિંગ સ્કીમ માન. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત કમિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જે મંજૂર કરવાની રહે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે યુજીસી રેગ્યુલેશન-૨૦૧૮ તથા રીવાઈઝ્ડ ઓર્ડીનન્સ ૨૦૫ ની જોગવાઈ મુજબ પ્રોફેસર તથા એસોસિએટ પ્રોફેસરની જગ્યાઓ ભરવા માટે ઈન્ટરવ્યુ સમયે ઉપયોગમાં લેવાની રહેતી માર્કિંગ સ્કીમ મંજૂર કરવી.**

**(નોંધ: માર્કિંગ સ્કીમ સભા સમયે રજુ કરવામાં આવેલ.)**

૨૭ શ્રી એમ.બી. આર્ટસ અને કોમર્સ કોલેજ, ગોંડલ ખાતે તા.૦૪/૧૨/૨૦૧૯ના રોજ બી.એ. સેમે-
પરીક્ષા-૧ ૦૧ના પેપર-૦૨ વિષય હિન્દીમાં સીટ નં.-૧૫૨૭૩૨ વિદ્યાર્થી-અલ્પેશ ગોવિંદભાઈ ઢોલરીયાના સ્થાને ડમી વિદ્યાર્થી બેસેલ તેવો આક્ષેપ શ્રી ભર્ગરાજસિંહ આર જાડેજા, મુકામ-ગોંડલનાં

તા.૦૪/૧૨/૨૦૧૯ તથા એન.એસ.યુ.આઈ.ના તા.૧૩/૧૨/૨૦૧૯ના પત્ર થી કરવામાં આવેલ છે. સદરહુ બાબતે કોલેજ તથા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી પરત્વે વિચારણા થવા બાબત.

નોંધ:

૧. ઉપર્યુક્ત રજૂઆત અન્વયે કોલેજના આચાર્યશ્રી તથા જવાબદાર સ્ટાફને હિયરીંગ માટે માન.કુલપતિ સમક્ષ તારીખ ૧૩/૧૨/૨૦૧૯ના રોજ રૂબરૂ બોલાવવામાં આવેલ.

૨. કોલેજ તરફથી રજુ થયેલ તા.૩,૪, ડીસેમ્બર ૨૦૧૯ના સીસીટીવી કેમેરાનું રેકોર્ડીંગ ધ્યાને લઈ કોલેજનું આગામી પરીક્ષાઓનું પરીક્ષા કેન્દ્ર રદ કરવામાં આવેલ છે.

૩. તા.૩,૪, ડીસેમ્બર ૨૦૧૯ના સીસીટીવી કેમેરાનું રેકોર્ડીંગમાં સીટ નંબર ૧૫૨૭૩૨ કે તેના પર બેસેલ મૂળ અથવા ડમી વિદ્યાર્થી દ્રશ્યમાન થતો ન હોય સમગ્ર કોલેજમાં ઉપલબ્ધ સીસીટીવી કેમેરાનું તા.૨૮/૧૧/૧૯ થી તા.૦૪/૧૨/૧૯ સુધીનું રેકોર્ડીંગ કોલેજ પાસેથી મંગાવવામાં આવેલ.

૪. કોલેજના તા.૧૬/૧૨/૧૯ના પત્રથી કોલેજે હાજર ગેરહાજર રીપોર્ટની નકલ તથા તા.૦૫/૧૨/૧૯ અને તા.૦૬/૧૨/૧૯ દિવસ બે ના અન્ય સીસીટીવી કેમેરાનું રેકોર્ડીંગ યુનિવર્સિટીને મોકલેલ છે.

૫. ચીફ સિનિયર સુપરવાઈઝર શ્રી ડૉ. એન.ડી. ઝાલાએ તા.૧૬-૧૨-૧૯ના રોજકામ માં જણાવ્યા મુજબ સીસીટીવી કેમેરાનું રેકોર્ડીંગ માત્ર દસ દિવસ રહેતું હોય તા.૨૮/૧૧/૧૯ થી તા.૦૪/૧૨/૧૯ સુધીનું રેકોર્ડીંગ ઉપલબ્ધ નથી.

૬. કોલેજના તા.૧૬/૧૨/૧૯ના પત્ર થી જણાવ્યા મુજબ કોલેજ દ્વારા આ બાબતે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી, ગોંડલને લેખિત અરજી આપેલ છે.

૭. કોલેજના એડમીશન ફોર્મ તથા પરિક્ષા ફોર્મમાં વિધાર્થીની જે સહી છે તે સહી ઉતરવહીની સહી સાથે મેચ થતી નથી.

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એમ.બી. આર્ટસ અને કોમર્સ કોલેજ, ગોંડલ ખાતે તા.૦૪/૧૨/૨૦૧૯ના રોજ વિદ્યાર્થી અલ્પેશ ગોવિંદભાઈ ઢોલરીયાના સ્થાને ડમી વિદ્યાર્થી બેસેલ તેવો આક્ષેપ શ્રી ભર્ગરાજસિંહ આર જાડેજા, મું. ગોંડલનાં તા.૦૪/૧૨/૨૦૧૯ તથા એન.એસ.યુ.આઈ.ના તા.૧૩/૧૨/૨૦૧૯ના પત્ર થી કરવામાં આવેલ છે. સદરહુ બાબતે કોલેજ સ્ટાફે સહકાર આપેલ ન હોવાથી તેના સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવા માટે EDICમાં નિર્ણય કરવો અને માસ કોપી કેઈસ માટે EDAC માં નિર્ણય કરવો.**

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોલેજનું પરીક્ષા કેન્દ્ર રદ્દ કરવું તેમજ અન્ય જગ્યાએ પરીક્ષા લેવાની થતી હોય જેનો નીભાવ ખર્ચ સદરહું કોલેજ પાસેથી વસુલ કરવો.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોલેજને રૂ.૦૧ લાખનો દંડ કરવો.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે,સદરહું કોલેજ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજ હોય, કોલેજના આચાર્યશ્રી, સ્ટાફ તરફથી યોગ્ય સહકાર મળેલ ન હોય તે માટે આગળની કાર્યવાહી (ગ્રાન્ટ કાપવાની, નોટીસ વગેરે...) કરવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીને જાણ કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોલેજને તેમનું જોડાણ રદ્દ કેમ ન કરવું ? તે અંગે નોટીસ પાઠવવી.

(નોંધ: આનુષાગિક સાધનિક કાગળો પરિશિષ્ટ "૧૩" તરીકે આ સાથે સામેલ છે.)

મુક્ત ચર્ચા વિચારણા

૨૮ પી.જી.ટી. આર. આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પીએચ.ડી. પ્રવેશમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિવાય અન્ય યુનિવર્સિટીમાંથી પોસ્ટ ગ્રેજ્યુએશન કરેલ હોય તો બહારનાં વિદ્યાર્થીઓને જગ્યા ખાલી રહે તો પ્રવેશ આપવો.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ગુજરાતની અન્ય સરકારી યુનિવર્સિટીમાં કઈ રીતે પ્રોસીઝર થાય છે તે ચકાસી ભવન દીઠ ૦૧ સીટ અનામત રાખવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.

૨૯ મહેકમ-બ આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં લીગલ વિભાગમાં ખાલી પડેલ નાયબ કુલસચિવની જગ્યાનો ડૉ. પ્રિ. વિમલભાઈ પરમાર, આચાર્યશ્રી, શ્રી કે.પી.શાહ લો કોલેજ, જામનગર ને વધારાનો હવાલો સોંપવો.

નં.સિન્ડિકેટ/૮૯/૨૦૨૦
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫
તા.૦૮/૦૧/૨૦૨૦

કુલસચિવ

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

<u>નકલ રવાના</u>::-

૧. માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. સર્વે વિભાગના અધિકારીશ્રી તરફ.